# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-08-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

*****************************************************

1. સ્વતંત્રતા દિને લાલ કિલ્લા પરથી ધ્વજવંદન કર્યા બાદ રાષ્ટ્રને સંબોધિત કરતાં પ્રધાનમંત્રીએ કહ્યું કે પહેલીવાર લાલકિલ્લા પરથી વંદેમાતરમ ગુંજી રહ્યું છે.
2. પ્રધાનમંત્રીએ વિકસિત ભારતના નિર્માણની ગતિને વેગ આપવા સપ્તધારાની જાહેરાત કરી. ગરીબ અને મધ્યમ વર્ગના યુવાનોને પરીક્ષા માટે નિઃશુલ્ક કોચિંગ આપવાની સરકારની યોજના.
3. મહિલા અનામત બિલને સમર્થન આપવા માટે રાજકીય પક્ષોને પ્રધાનમંત્રીની અપીલ.
4. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક ખાતે વીર બહાદુર સૈનિકોને શ્રદ્ધાંજલિ અર્પી.
5. ઇન્ડોનેશિયામાં આવેલા શક્તિશાળી ભૂકંપમાં પાંચના મોત.
6. ગાલે ખાતે રમાઇ રહેલી શ્રીલંકા સામેની પહેલી ટેસ્ટ મેચમાં ભારતની મક્કમ બેટિંગ.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM INDEPENDENCE DAY CELEBRATION

આજે રાષ્ટ્ર તેનો ૮૦મો સ્વતંત્રતા દિવસ ઉજવી રહ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીના લાલ કિલ્લા પર રાષ્ટ્રીય ધ્વજ ફરકાવ્યો અને રાષ્ટ્રને સંબોધન કર્યું. આ વર્ષની ઉજવણી યુવા શક્તિને સમર્પિત છે, જેમાં ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણ માટે યુવા ભારતનું મહત્વપૂર્ણ યોગદાન સાબિત થશે.આજે રાષ્ટ્રને સંબોધન કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આઝાદી પછી આ પહેલી વાર છે જ્યારે વંદે માતરમન લાલ કિલ્લા પરથી ગુંજી ઉઠ્યું છે.

**(BYTE- NARENDRA MODI, 150 YEARS)**

શ્રી મોદીએ સાત-મુદ્દાના સુધારા માળખા એવા 'સપ્ત ધારા'ની જાહેરાત કરતાં કહ્યું કે સપ્ત ધારાનો હેતુ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનવા તરફ ભારતની યાત્રાને વેગ આપવાનો છે. તેમણે કહ્યું કે, છેલ્લા પાંચથી સાત દાયકામાં પૂર્ણ ન થઈ શક્યું તે કાર્ય આગામી પાંચથી સાત વર્ષમાં પૂર્ણ કરવાની પ્રાથમિકતા રહેશે

**(BYTE- NARENDRA MODI SEVEN STREAMS)**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને વિવિધ જાહેર પરીક્ષાઓ માટે વિનામૂલ્યે ઓનલાઈન કોચિંગ આપવાની પણ જાહેરાત કરી.

**(BYTE- NARENDRA MODI, PM COACHING)**

પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે 2014 થી, ભારતે લગભગ 40 દેશો સાથે મુક્ત વેપાર કરાર કર્યા છે, જેનાથી ભારતીય વ્યવસાયો અને નિકાસકારો માટે મોટી તકો ઉભી થઈ છે.

**(BYTE- NARENDRA MODI, PM - FTA)**

# PM INDEPENDENCE DAY CELEBRATION – 2

આજના સ્વતંત્રતા પર્વની ઉજવણી પ્રસંગે લાલકિલ્લા ખાતે કેન્દ્રીય મંત્રી મંડળના સભ્યો, આમંત્રિત વિદેશી મહેમાનો અને દેશના ગણમાન્ય વ્યક્તિઓ ઉપસ્થિત રહ્યા હતા. ધ્વજવંદનના કાર્યક્રમ અગાઉ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હી ખાતે રાજઘાટ પર મહાત્મા ગાંધીને શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી.

# PM - WOMEN RESERVATION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તમામ પક્ષોને સંસદ અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલા અનામતના અમલીકરણને રાજકીય મુદ્દા બનાવ્યા વિના સમર્થન આપવા અપીલ કરી છે.

લાલ કિલ્લા પરથી સ્વતંત્રતા દિવસે રાષ્ટ્રને સંબોધતા, શ્રી મોદીએ તેમને મહિલાઓનું સન્માન કરવા અને દેશની મહિલાઓને શક્ય તેટલી વહેલી તકે વિધાનસભાઓ અને લોકસભામાં 33 ટકા પ્રતિનિધિત્વ મળે તે સુનિશ્ચિત કરવા આગળ વધવા કહ્યું. તેમણે કહ્યું કે મહિલાઓને ભારતની નીતિઓને આકાર આપવામાં યોગદાન આપવાની તક આપવી જોઈએ.

(BYTE - NARENDRA MODI, WOMEN)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# INDEPENDENCE DAY COUNTRY

પંજાબમાં, સ્વતંત્રતા દિવસની ઉજવણી ઉત્સાહ અને ઉમંગ સાથે કરવામાં આવી હતી. રાજ્ય કક્ષાનો સમારોહ સરહદી જિલ્લા ફિરોઝપુર ખાતે યોજાયો હતો, જ્યાં મુખ્યમંત્રી ભગવંત સિંહ માને રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો.

ઝારખંડ, કર્ણાટક, તમિલનાડુ, મિઝોરમ, આસામ, પશ્ચિમ બંગાળમાં સ્વતંત્રતા પર્વની ઉજવણી કરવામાં આવી.

# TRIPURA VANDE MATARAM

80મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે ત્રિપુરાની મહારાજા બીર બિક્રમ (MBB) કોલેજ ખાતે એક ખાસ દેશભક્તિ સંગીત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. "હજાર સ્વરમાં વંદે માતરમ" શીર્ષક હેઠળના આ કાર્યક્રમમાં 1 હજાર 300 થી વધુ વિદ્યાર્થીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ કોલેજ કેમ્પસમાં વંદે માતરમનું ગાન કર્યું હતું. આ કાર્યક્રમમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો.

# PREZ- NWM TRIBUTE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે 80મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક ખાતે બહાદુરોને શ્રદ્ધાંજલિ આપી. રાષ્ટ્રપતિએ સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરી અને શહીદોને શ્રદ્ધાંજલિ આપી.

આ પ્રસંગે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, સંરક્ષણ રાજ્યમંત્રી સંજય સેઠ, સંરક્ષણ વડા જનરલ એન.એસ. રાજા સુબ્રમણ્યમ, આર્મી ચીફ જનરલ ધીરજ સેઠ, નૌકાદળના વડા એડમિરલ કૃષ્ણા સ્વામીનાથન, વાયુસેનાના વડા એર ચીફ માર્શલ અમર પ્રીત સિંહ અને સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહ ઉપસ્થિત રહ્યા હતા.

# ODISHA FLOOD SITUATION

ઉત્તર ઓડિશામાં પૂરનો કેર યથાવત છે સતત વરસાદને કારણે નદીઓ છલકાઈ રહી છે અને ગામડાઓ, રસ્તાઓ અને નીચાણવાળા વિસ્તારો ડૂબી ગયા છે. બૈતરની, બુધાબલંગા અને જલકા નદીઓમાં જળસ્તર ઝડપથી વધી રહ્યું છે, જેના કારણે બાલાસોર, ભદ્રક, મયુરભંજ, કેઓંઝર અને અન્ય ઉત્તરીય જિલ્લાઓ પ્રભાવિત થયા છે.

કેન્દ્રીય જળ આયોગે અનેક જિલ્લાઓમાં પૂરના જોખમની ચેતવણી પણ આપી છે. ભારતીય હવામાન વિભાગે ચાર જિલ્લાઓ, સુંદરગઢ, ઝારસુગુડા, બારગઢ અને સંબલપુર માટે ઓરેન્જ એલર્ટ અને 26 જિલ્લાઓ માટે યલો એલર્ટ જાહેર કરી છે, જેમાં અલગ અલગ સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

# PM-NAVROZ

ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ પારસી નવા વર્ષ, નવરોઝ નિમિત્તે પારસી સમુદાયના તમામ લોકોને શુભેચ્છાઓ પાઠવી છે.

સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ નોંધ્યું કે વિવિધ ક્ષેત્રોમાં પારસી સમુદાયના નોંધપાત્ર યોગદાનથી દેશ અસંખ્ય રીતે સમૃદ્ધ થયો છે. પ્રધાનમંત્રીએ આવનારું વર્ષ દરેક માટે શાંતિ, સુખ, સમૃદ્ધિ અને સારા સ્વાસ્થ્યથી ભરેલું રહે તેવી શુભેચ્છા પાઠવી.

# INDONESIA EARTHQUAKE

આજે વહેલી સવારે ઇન્ડોનેશિયાના ફ્લોરેસ ક્ષેત્રમાં 7.7 ની તીવ્રતાના ભૂકંપમાં પાંચ લોકોના મોત થયાં છે. ભૂકંપને કારણે ઇમારતો ધરાશાયી થઈ હતી, અહીં સુનામીની ચેતવણી જાહેર કરવામાં આવી હતી જે પાછળથી પરત લેવામાં આવી હતી.

જોકે વીજળી ગુલ થવા અને સંદેશાવ્યવહારમાં વિક્ષેપોને કારણે નુકસાનનું મૂલ્યાંકન અને બચાવ પ્રયાસોમાં અવરોધ ઊભો થયો હતો. ફ્લોરેસ અને પડોશી વિસ્તારોમાં ભૂકંપનો અનુભવ થયો હતો, પશ્ચિમ નુસા ટેંગારા અને સુલાવેસીના કેટલાક ભાગોમાં પણ નુકસાન નોંધાયું હતું.

# ISRAEL-LEBANON-STRIKE

આજે વહેલી સવારે દક્ષિણ લેબનોન પર ઇઝરાયલી હવાઈ હુમલામાં સાત લોકોના મોત થયા હતા અને ત્રણ અન્ય ઘાયલ થયા હતા. લેબનોનની રાજ્ય સમાચાર એજન્સીએ જણાવ્યું હતું કે કાટમાળમાંથી બચી ગયેલા લોકો માટે શોધ અભિયાન ચાલી રહ્યું છે.

લેબનોન અને ઇઝરાયલે 26 જૂને ઇરાન સમર્થિત હિઝબુલ્લાહ આતંકવાદી જૂથના નિઃશસ્ત્રીકરણના બદલામાં દક્ષિણ લેબનોનમાંથી ઇઝરાયલી દળોને પાછા ખેંચવાની યોજનાની રૂપરેખા આપતા ફ્રેમવર્ક કરારની જાહેરાત કર્યા પછીનો આ સૌથી ઘાતક હુમલો હતો.

# CRICKET

ગાલે ખાતે રમાઇ રહેલી શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટ મેચમાં ટોસ જીતીને પહેલા બેટિંગ કરતાં લંચ સમયે ભારતે એક વિકેટે 101 રન બનાવ્યા હતા. કે એલ રાહુલ અને યશશ્વી જયસ્વાલે મક્કમ બેટિંગ કરી હતી યશશ્વી જયસ્વાલના આઉટ થયા બાદ રાહુલ અને પેડ્ડીકલે ધિરજપૂર્વકની બેટિગ કરી હતી. લંચ સમયે ભારતે એક વિકેટે 101 રન બનાવ્યા હતા. લંચ બાદ ભીના મેદાનને કારણે રમતમાં વિલંબ થયો હતો.